**BR MOVALIYA & Co.** (SM)
Legal Advisors (since-1984)

Girish B. Movaliya
(B.Com,LL.M.)

A/306-307, City Centre,
Nr. Resham Bhavan,
Lal Darwaja, Surat-395003.

તારીખ: ૧૭/૧૦/૨૦૨૨

GIRISH B. MOVALIYA * SURAT *

# ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ
## :: મીલકતની વિગત ::

**સુરત ડીસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ઉધનાના, મોજે ગામઃ ડીડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨/બ, જેનો ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં આવેલ ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧ જેનુ ક્ષેત્રફળ ૧૭૩૫.૦૮ ચો.મી. વાળી બહુહેતુક હેતુ માટેની બીનખેતીની જમીન.**

સદરહું મીલકત ના ટાઇટલ અંગે ની હકીકત એવા પ્રકારની છે કે..

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકા ઉધનાના મોજે ગામ ડિડોલી નાં સર્વે નંબર ૧૮૦ વાળી જમીનના મુળ માલીક ગણપતરાવ ભીમાશંકર, વિશ્વનાથ ભીમાશંકર, મધુસુદન વિશ્વનાથ, રામચંદ્ર ભાસ્કર તથા રામચંદ્ર પ્રભાકરનાઓ ચાલી આવેલ. ત્યારબાદ સદરહુ જમીન માલીકો પાસેથી મજકુર જમીન બાબુભાઇ ગુલાબભાઇ નગરશેઠે તા. ૧૨/૦૧/૧૯૪૩ના રોજ રૂા. ૧,૦૦૦/- માં ખરીદ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૪૭૮ થી તા. ૨૮/૦૭/૧૯૪૩ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનમાં સંરક્ષિત ગણોતીયા તરીકે પરભુભાઇ નારણભાઇનાઓ ચાલી આવેલ. તે અંગે મેહેરબાન મામલતદાર સાહેબના હુકમ નંબર : ટી.એન.સી.સરકયુલર તા. ૨૨/૧૧/૧૯૪૭ના રોજ હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૫૮૯ થી તા. ૧૧/૦૨/૧૯૪૮ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે પાડવામાં આવેલ નોંધ નંબર ૪૭૮ માં શરતચુકથી ૧૦,૦૦૦/-ને બદલે ૧૦૦૦/- ની નોંધ પડેલ હોવાથી મેહેરબાન મામલતદાર સાહેબના હુકમ નંબર : એ.ડી.એમ. ૪૩, તા. ૦૨/૦૩/૧૯૫૧ના રોજ હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ

નંબરઃ ૬૪૬ થી તા. ૧૦/૦૩/૧૯૫૧ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન માલીક બાબુભાઇ ગુલાબભાઇ નગરશેઠે તા. ૧૨/૦૮/૧૯૫૪ના રોજ મોઢાના કરારથી વહેંચણ કરી પોતાના છોકરાઓ રમેશચંદ્ર બાબુભાઇ તથા ચંદ્રકાંત બાબુભાઇનાને સદરહુ જમીન આપેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૭૦૪ થી તા. ૧૨/૦૮/૧૯૫૪ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે મહેરબાન મામલતદાર સાહેબના તા. ૦૧/૦૮/૧૯૫૫ના રોજના તથા મુંબઇ મર્જડ ટેરીટરીઝ મીસીલેનીઅન એબોલીશન એકટ ૧૯૫૫, તા. ૦૧/૦૮/૧૯૫૫થી અમલમાં આવતા મજકુર જમીન આકાર થયા અંગેની નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૭૭૪ થી તા. ૨૭/૧૧/૧૯૫૬ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનના ગણોતીયા પરભુભાઇ નારણજીનાનું તા. ૧૩/૦૮/૧૯૬૭ના રોજ અવસાન થયેલ અને પરભુભાઇ નારણજીના અવસાન બાદ તેઓના સીધીલીટીના વારસદાર તરીકે ઠાકોરભાઇ પરભુભાઇ તથા રામીબેન પરભુભાઇ તથા ડાહીબેન પરભુભાઇ ચાલી આવેલ . સદરહુ વારસદારો પૈકી ઠાકોરભાઇ પરભુભાઇનુ નામ વારસાઇ હકકે દાખલ કરવા પંચોએ આપેલ જવાબ તથા વારસાઇ પત્રકે બતાવ્યા મુજબ નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૨૦૬૦ થી તા. ૨૨/૦૪/૧૯૬૭ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે સદરહુ જમીનના ગણોતીયા ઠાકોરભાઇ પરભુભાઇનાને ખેતીની જમીનના ન્યાયાધિકરણ ચોર્યાસીના હુકમ નં. ૬૭૨/અ, મુજબ ૩૨(ગ)ના હુકમ મુજબ ખરીદ કિંમત રૂા. ૫૨૪૦/- બાર હપ્તે વ્યાજ સાથે સદરહુ જમીનના માલીક રમેશચંદ્ર બાબુભાઇ તથા ચંદ્રકાંત બાબુભાઇને ભરપાઇ કરવાનો હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૨૦૮૬ થી તા. ૧૪/૦૩/૧૯૬૮ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન અંગે ટેનન્સી તંગાવીની રકમ રૂા. ૧૭૭૮.૮૮ બાકી પડતા હોવાના બાબતની મહેરબાન મામલતદાર સાહેબના તા. ૨૧/૦૫/૧૯૬૯ના રોજ હુકમ મુજબની નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ

નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૩૧૬૪ થી તા. ૦૧/૦૨/૧૯૭૧ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનના ગણોતીયા ઠાકોરભાઇ પરભુભાઇનાએ સદરહુ જમીનના માલીક રમેશચંદ્ર બાબુભાઇ વિગેરેનાને ૩૨(એમ) મુજબની પુરેપુરી રકમ રૂ. ૫૨૪૦/- ભરપાઇ કરતા ખેતીની જમીન બાબતના ન્યાધિકરણ ચોર્યાસીના કેસ નંબર ૬૭૨, નમુના નંબર ૯ નું ખરીદીનુ પ્રમાણપત્ર ઠાકોરભાઇ પરભુભાઇનાને આપવામાં આવેલ અને સદરહુ જમીનના માલીકોનો બોજો સદરહુ જમીનના બીજા હકકમાંથી કમી કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૩૩૯૨ થી તા. ૦૨/૧૦/૧૯૭૨ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન માલીકે ટેનન્સી તંગાવીનો બોજો ભરપાઇ કરતા બોજા મુકતીની નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૩૭૫૮ થી તા. ૦૫/૦૭/૧૯૭૮ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ મોજે ડીડોલી ગામે એકત્રીકરણ યોજના લાગુ પડતા સદરહુ રે. સર્વે નં. ૧૮૦ વાળી જમીનને સયુંકત રીતે બ્લોક નંબર ૨૧૨ આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૫૧૬૬ થી તા. ૧૩/૦૧/૧૯૮૪ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન માલીક ઠાકોરભાઇ પરભુભાઇનાને મહેરબાન વધારાના મામલતદાર અને કુષિપંચ ગણોત કેસ નંબરઃ ૪૩/૦૧/ક.૭૦(ઓ), તા. ૨૪/૦૧/૨૦૦૨ના રોજ ગ.ધા.ક.૪૩ નાં નિયત્રણો દુર કરવાનો હુકમ કરેલ. જે હુકમને ચોર્યાસી પ્રાંત સાહેબે રીવ્યુમાં લઇ સરકારશ્રીમાં મોકલવાની કાર્યવાહી ચાલુ હોવાથી મહેરબાન કલેકટર સાહેબનાએ આખરી નિર્ણય ન થાય ત્યા સુધી ૭૦(ઓ) ના હુકમ સામે મનાઇ હુકમ આપેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૬૧૪૮ થી તા. ૦૧/૦૬/૨૦૦૨ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ ૭૦(ઓ)ના હુકમ બાદ સુડા તરફથી બાંધકામ વિકાસ પરવાનગી તેઓના હુકમ નંબરઃ સુડા/વિપઅ/યુ.૪/૪૫૯૫/૬૪૦, તા. ૦૮/૦૨/૨૦૦૨ના રોજ આપવામા આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન માલીક યાને ઠાકોરભાઇ પરભુભાઇનાનું તા. ૦૧/૦૩/૨૦૦૩ના રોજ અવસાન થયેલ. અને ઠાકોરભાઇ પરભુભાઇના અવસાન બાદ તેઓના સીધીલીટીના કાયદેસરના વારસદાર તરીકે સવિતાબેન તે

ઠાકોરભાઇ પરભુભાઇની વિધવા, અનિલભાઇ ઠાકોરભાઇ, રમણભાઇ ઠાકોરભાઇ તથા મહેશભાઇ ઠાકોરભાઇ ચાલી આવેલ. સદરહુ વારસો પૈકી મહેશભાઇ ઠાકોરભાઇનાનું તા. ૧૬/૧૦/૧૯૯૬ના રોજ અવસાન થયેલ હોય, તેઓના સીધીલીટીના વારસોમાં ફકત એક પુત્રી પ્રિયંકાબેન મહેશભાઇના ચાલી આવેલ. તેઓ સગીર હોવાથી તેમના સ.વા. તરીકે સવિતાબેન તે ઠાકોરભાઇ પરભુભાઇની વિધવાનુ નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૬૨૫૭ થી તા. ૦૧/૦૬/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તા. ૨૫/૦૮/૨૦૦૬ના રોજ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ પ્રાદેશીક ફેરફાર મુજબ ડીડોલી ગામ નિકાલની નોંધ મહેરબાન કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર (જે)બખ/તપસ/વશી ૪૮૯૭/૦૬, તા. ૧૯/૧૦/૨૦૦૬ મુજબ સરકારશ્રીના શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી/૨૬/૦૬/એસેમ્બલ/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા.૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામા નંબર : કેવી/ ૧૨૧૨/ ૨૦૦૬/ એસેમ્બલ/ ૯૦૨૦૦૬/ ૪૧૦/પી., તા. ૨૦/૦૭/૨૦૦૬ થી ૮ નગરપાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે આમ, મહાનગરપાલીકાની હદનુ વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના ડીડોલી ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફાર કરવાની સુચના મળતા ડીડોલી ગામના કુલ બ્લોક નંબર ૫૯૮ છે જેમા શરૂ થતો બ્લોક નંબર ૧ થી ૫૦૯ છે. તે પૈકી જીવંત ખાતા-૪૯૬ છે. અત્રેની ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝડ નોંધ નંબર ૬૨૮૩ થી ૬૯૭૦ એમ કુલ ૬૮૮ નોંધો પાડવામાં આવેલ. આ માહીતી સાથે ડીડોલી ગામનો સુરતસીટી તાલુકામાં સમાવેશ કરવા સદર નોંધ તા. ૧૮/૦૫/૨૦૦૭ના રોજ પાડવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૬૯૭૦ થી તા. ૧૮/૦૫/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તા. ૧૮/૦૫/૨૦૦૭ના રોજ પ્રમાણીત પણ થયેલ છે. ત્યારબાદ સદરહુ જમીન ડીડોલી ગામના ચોર્યાસી તાલુકાના રેવન્યુ દફતરે રેકર્ડ પર હોઇ જે મહેરબાન કલેકટર સાહેબના સુરતના પત્ર નંબર (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૨૦૦૬ તા. ૧૯/૦૬/૨૦૦૬ ના જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં કેવી/૨૧૨/૨૦૦૬/એસ.એમ/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા. ૨૦/૦૭/૨૦૦૬ થી ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. આમ, સુરત મહાનગર પાલીકાની હદનુ વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના (૦૩૧) ગામ સુરત શહેરના સીટીતાલુકામાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફારની નોંધ ગામ નમુના નં ૬ (હકક પત્રક)મા નોંધ નંબરઃ ૭૩૮ થી તા. ૨૪/૦૫/૨૦૦૭

ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તા. ૨૪/૦૫/૨૦૦૭ના રોજ પ્રમાણીત પણ થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન બાબત નાયાબ કલેકટરશ્રી સીટી પ્રાંત સાહેબે તેઓના હુકમ નંબર ટેનન્સી ગ.ધા.ક. ૭૦(ઓ)/ ટેનન્સી રીવીઝન કેસ નં. ૫૯/૧૨, તારીખ ૧૨/૦૨/૨૦૧૩ના રોજ વધારાના મામલતદાર અને કૃષિપંચ ગણોતનો તારીખ ૨૪/૦૧/૨૦૦૨ના રોજનો હુકમ રદ કરીને જમીન ગ.ધા.કલમ ૪૩ના નિયંત્રણો ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬(હકક પત્રક)માં નોંધ નં.૧૮૯૪ તારીખ ૦૮/૦૩/૨૦૧૩ના રોજ કરવામાં આવેલ અને સદર નોંધ તારીખ ૦૮/૦૫/૨૦૧૩ના રોજ પ્રમાણીત કરાવમાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન માલીકો યાને સવિતાબેન ઠાકોરભાઇ પરભુભાઇની ધણીયાણી વિગેરેનાઓ પૈકી સ. પ્રિયંકાબેન મહેશભાઇનુ નામ સગીર તરીકે ચાલી આવેલ. જેઓ પુખ્તવયના થતા તેઓની ઉમંર અંગેના આધાર રજું કરતા સગીર શબ્દ તથા વાલી તરીકે નોંધાયેલ સવિતાબેનનું નામ સગીર પાછળ થી કમી કરવા નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬(હકક પત્રક)માં નોંધ નં.૨૨૬૧ તારીખ ૩૧/૦૫/૨૦૧૪ના રોજ કરવામાં આવેલ અને સદર નોંધ તારીખ ૨૨/૦૭/૨૦૧૪ના રોજ પ્રમાણીત કરાવમાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનમાં ગ.ધા.ક. ૪૩ના નિયંત્રણો દુર કરવા માટે લાંબો સમય કાનુની કાર્યવાહીમાં ગયેલ હોવાથી અત્યાર સુધી વેચાણ દસ્તાવેજની કાર્યવાહી થઇ શકેલ નહી. પરંતુ (૧) ગોપાળભાઇ હરીભાઇ પટેલ, (૨) રાજેશભાઇ શાંતિલાલ પટેલ, (૩) ચંપકભાઇ રણછોડભાઇ પટેલ, (૪) રજનીકાંત ચંપકભાઇ પટેલ, (૫) પીન્ટુકુમાર ચંપકભાઇ પટેલ (૬) હેમંતભાઇ નટવરભાઇ પટેલ, (૭) સંજયભાઇ નટવરભાઇ પટેલ, (૮) ભાવિન હેંમતકુમાર પટેલ, (૯) કેતનસિંહ ફતેહસિંહ ગોહીલ, (૧૦) કીર્તીકુમાર મનસુખભાઇ પટેલ, (૧૧) રમેશભાઇ ગોવિંદભાઇ પટેલ, (૧૨) હિંમતભાઇ હીરાભાઇ પટેલ, (૧૩) રણછોડભાઇ લાલજીભાઇ પટેલ (૧૪) મહેશભાઇ ઠાકરશીભાઇ પટેલ તથા (૧૫) અરવિંદભાઇ પરશોત્તમભાઇ સાવલીયાનાઓ અને (૧) અનિલભાઇ ઠાકોરભાઇ, (૨) પ્રિયંકાબેન મહેશભાઇ, (૩) રમણભાઇ ઠાકોરભાઇ તથા (૪) સવિતાબેન તે ઠાકોરભાઇ પરભુભાઇની ધણીયાણીના વડીલ ઠાકોરભાઇ પરભુભાઇ પટેલ વચ્ચે તારીખ ૨૩/૧૦/૨૦૦૨ના રોજ વેચાણ કરાર કરાવામાં આવેલ. સદરહુ જમીન ઉપર કલમ-૭૦(ઓ) હેઠળ કલમ-૪૩ના પ્રંબધો ઉઠી ગયેલ હતા. પરંતુ ૭૦(ઓ) ના હુકમ બાબત રીવ્યુ બાબતનો મનાઇ હુકમ હોવાથી વેચાણ વહેવાર પુર્ણ થઇ શકેલ નથી. અને ત્યારબાદ ઠાકોરભાઇ પરભુભાઇ તારીખ ૦૧/૦૩/૨૦૦૩ના રોજ

ગુજરી જતા અનિલભાઇ ઠાકોરભાઇ વિગેરેનાએ પણ તારીખ ૨૯/૦૮/૨૦૧૩ના રોજ તેમના વડીલે જે ગોપાળભાઇ હરીભાઇ પટેલ વિગેરેનાઓ સાથે વેચાણ વહેવાર કરેલ તેને કબુલ રાખતો કન્ફરમેશનનો લેખ ગોપાળભાઇ હરીભાઇ વિગેરેઓની તરફેણમાં કરી આપેલ. અને તેમા તારીખ ૨૩/૧૦/૨૦૦૨ના વેચાણ કરારમાં જણાવેલ શરતો મુજબ જો-કલમ-૭૦(ઓ) મુજબની પરવાનગી રદ થાય તો તેવા સંજોગોમાં સદરહુ જમીન જુની શરતોમાં કરાવી લેવાની જવાબદારી ગોપાળભાઇ હરીભાઇ પટેલ વિગેરેનાઓની હતી. અને તેનુ પ્રીમીયમ ભરવાનુ આવે તે ગોપાળભાઇ હરીભાઇ પટેલ વિગેરેનાએ ભરવાનુ હતું. અને પ્રાંત સાહેબે તારીખ ૧૨/૦૨/૨૦૧૩ના રોજ હુકમ કરીને ૭૦(ઓ) નો હુકમ રદ કરી કલમ-૪૩ના પ્રબંધો ચાલુ રાખવાનો હુકમ કરેલ.

સદરહુ રે.સર્વે નંબર ૧૮૦, બ્લોક નંબર ૨૧૨ વાળી જમીનને ટી.પી. સ્કીમ નંબર ૬૨ (ડીડોલી-ભેસ્તાન-ભેદવાડ) લાગુ પડતા ફા. પ્લોટ નંબર ૧૬ ફાળવવામાં આવેલ. અને ફાયનલ પ્લોટ મુજબ સદરહુ જમીનનુ ક્ષેત્રફળ સુમારે ૨૩૨૧૫ ચો.મી. થયેલ છે.

સદરહુ જમીન નવી શરતમાં રહેણાંકના બીનખેતીના હેતુ માટે જુની શરતમાં તબદીલ કરાવવા માટે યાને કલમ-૪૩ના પ્રબંધો દુર કરવવા માટે ગોપાળભાઇ હરીભાઇ પટેલ વિગેરેનાએ અનિલભાઇ ઠાકોરભાઇ વિગેરેના નામથી કાર્યવાહી કરી સરકારશ્રીને ભરવાની થતી પ્રીમીયમની રકમ ગોપાળભાઇ હરીભાઇ પટેલ વિગેરેનાએ અનિલભાઇ ઠાકોરભાઇ વિગેરેના નામથી ભાગીદારોના હિસ્સા પ્રમાણે પ્રીમીયમની રકમ ચલણ નંભર ૩૪થી તારીખ ૩૦/૦૭/૨૦૧૪ના રોજ ભરપાઇ કરતા મહેરબાન કલેકટરશ્રી સુરતના હુકમ નં. ગણત/૪/રજી.નં.૫૨૪/૧૨/વશી.૫૦૮/૧૪ તારીખ ૨૯/૦૯/૨૦૧૪ના રોજ સદરહુ જમીન બિનખેતી રહેણાંકના હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરવાની પરવાનગી આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬(હકક પત્રક)માં નોંધ નં.૨૩૩૮ તારીખ ૦૧/૧૦/૨૦૧૪ના રોજ કરવામાં આવેલ અને સદર નોંધ તારીખ ૨૯/૧૧/૨૦૧૪ના રોજ પ્રમાણીત કરાવમાં આવેલ.

ત્યારબાદ સદરહુ મોજે ડીડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ સુમારે ૨૫૭૯૯ ચો.મી. છે. જેનો ટી.પી. સ્કીમ નંબર ૬૨ (ડીડોલી-ભેસ્તાન-ભેદવાડ), ફા. પ્લોટ નંબર ૧૬ જેનુ ફા.પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૨૩૨૧૫ ચો.મી. વાળી જમીન તેના માલીકો યાને (૧) પ્રિયંકાબેન મહેશભાઇ, (૨) અનિલભાઇ ઠાકોરભાઇ, (૩) રમણભાઇ ઠાકોરભાઇ, તથા (૪) સવિતાબેન તે ઠાકોરભાઇ પરભુભાઇની ધણીયાણીનાઓ પાસેથી (૧) ગોપાળભાઇ હરીભાઇ પટેલ, (૨) રાજેશભાઇ શાંતિલાલ પટેલ, (૩) ચંપકભાઇ રણછોડભાઇ પટેલ, (૪)

રજનીકાંત ચંપકભાઇ પટેલ, (૫) પીન્ટુકુમાર ચંપકભાઇ પટેલ (૬) હેમંતભાઇ નટવરભાઇ પટેલ, (૭) સંજયભાઇ નટવરભાઇ પટેલ, (૮) ભાવિન હેમતકુમાર પટેલ, (૯) કેતનસિંહ ફતેહસિંહ ગોહીલ, (૧૦) કીર્તીકુમાર મનસુખભાઇ પટેલ, (૧૧) રમેશભાઇ ગોવિંદભાઇ પટેલ, (૧૨) હિમતભાઇ હીરાભાઇ પટેલ, (૧૩) રણછોડભાઇ લાલજીભાઇ પટેલ (૧૪) મહેશભાઇ ઠાકરશીભાઇ પટેલ તથા (૧૫) અરવિંદભાઇ પરશોતમભાઇ સાવલીયાનાએ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૧૬ તારીખ ૦૬/૦૧/૨૦૧૫ના રોજ નોંધવામાં આવેલ. જે વેચાણ અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હકક પત્રક)માં નોંધ નં.૨૩૬૪ તારીખ ૦૬/૦૧/૨૦૧૫ના રોજ કરવામાં આવેલ અને સદર નોંધ તારીખ ૨૪/૦૨/૨૦૧૫ના રોજ પ્રમાણીત કરાવમાં આવેલ.

ત્યારબાદ સદરહુ મોજે ડીડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નંબર ૨૧૨ વાળી જમીન જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫૭૯૯ ચો.મી. છે. જેનો ટી.પી. સ્કીમ નંબર ૬૨ (ડીડોલી-ભેસ્તાન-ભેદવાડ), ફા. પ્લોટ નંબર ૧૬ જેનુ ફા.પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૨૩૨૧૫ ચો.મી. વાળી જમીન ગોપાળભાઇ હરીભાઇ પટેલ વિગેરેનાની સંયુકત માલીકી કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ. ત્યારબાદ સદરહુ જમીનમાલીકોએ સદરહુ જમીન અંગે મહે. કલેકટર સાહેબશ્રી સુરતના સક્ષમ જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ અનુસાર બીનખેતીના રહેણાંકના હેતું માટેની પરવાનગી મેળવવાની કાર્યવાહી કરેલ અને જે અંગે મહેરબાન કલેકટર સાહેબશ્રીએ હુકમ ક્રમાંકઃ એ/જમન/તત્કાલ/બીનખેતી/ SR NO. 199/16 ID NO.30651/ વશી. ૭૧૯૧ થી ૭૨૦૫/૨૦૧૬ તારીખ ૨૧/૧૦/૨૦૧૬ના રોજ રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હકક પત્રક)માં નોંધ નં.૨૬૦૦ તારીખ ૩૦/૧૨/૨૦૧૬ના રોજ કરવામાં આવેલ અને સદર નોંધ તારીખ ૨૮/૦૨/૨૦૧૭ના રોજ પ્રમાણીત કરાવમાં આવેલ.

ત્યારબાદ સદરહુ કુલ ૨૩૨૧૫ ચો.મી. જમીન પૈકી રમેશભાઇ ગોવિંદભાઇ પટેલના હિસ્સે ચાલી આવેલ ૭૦૮.૦૫ ચો.મી. બીન ખેતીની જમીન તેઓએ રજી. વેચાણ દસ્તાવેજથી રાજેશભાઇ શાંતિલાલ પટેલનાને વેચાણ આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૪૮૧૩ તારીખ ૨૮/૦૩/૨૦૧૮ના રોજ નોંધવામાં આવેલ. જે વેચાણ અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હકક પત્રક)માં નોંધ નં.૨૭૬૫ તારીખ ૨૨/૦૬/૨૦૧૮ના રોજ કરવામાં આવેલ અને સદર નોંધ તારીખ ૧૩/૦૮/૨૦૧૮ના રોજ પ્રમાણીત કરાવમાં આવેલ.

સદરહુ બીનખેતીની જમીન અંગે જીલ્લા નીરીક્ષકશ્રી જમીન દફતરે સુરતના ક્રમાંક : કે.જે.પી.એસ.આર./૦૫/૧૮-૧૯ તારીખ ૦૫/૧૧/૨૦૧૮ના રોજના હુકમ મુજબ કે.જે.પી. દુરસ્તી પત્રકની નોંધ ગામે નોંધ પાડવામાં આવેલ. જે મુજબ સદરહુ બ્લોક ન.. ૨૧૨ વાળી બીનખેતીની જમીનના બ્લોક નં.૨૧૨/અ, ૨૧૨/બ, ૨૧૨/ક, ૨૧૨/ડ/૧ થી ૨૫૨/ડ/૨૫૦ પાનીયા અલગ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હકક પત્રક)માં નોંધ નં.૨૮૧૩ તારીખ ૧૩/૧૧/૨૦૧૮ના રોજ કરવામાં આવેલ અને સદર નોંધ તારીખ ૦૪/૦૧/૨૦૧૯ના રોજ પ્રમાણીત કરાવમાં આવેલ.

સદરહુ જમીન અંગે સબ-ડીવીઝન અંગેની પરવાનગી સુરત મહાનગરપાલીકા તરફથી ટી.ડી.ઓ./ડી.પી.એ.નં. ૨૫૪ તારીખ ૨૯/૦૬/૨૦૧૬ના રોજ આપવામાં આવેલ. તેમજ ટી.ડી.ઓ./ડી.પી.એ.નં. ૪૫૫ તારીખ ૦૬/૦૧/૨૦૧૭ના રોજ તેમજ CTDO/OUT/03012017/428 તારીખ ૦૩/૦૧/૨૦૧૭ના રોજ સબ-ડીવીઝન અંગેની પરવાનગી આપવામાં આવેલ.

આમ, રે. સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨/બ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૧૭૩૫.૦૮ ચો.મી. જમીન (૧) ગોપાળભાઇ હરીભાઇ પટેલ, (૨) ચંપકભાઇ રણછોડભાઇ પટેલ, (૩) રજનીકાંત ચંપકભાઇ પટેલ, (૪) પીન્ટુકુમાર ચંપકભાઇ પટેલ (૫) હેમંતભાઇ નટવરભાઇ પટેલ, (૬) સંજયભાઇ નટવરભાઇ પટેલ, (૭) ભાવિન હેંમતકુમાર પટેલ, (૮) કેતનસિંહ ફતેહસિંહ ગોહીલ, (૯) કીર્તીકુમાર મનસુખભાઇ પટેલ, (૧૦) રણછોડભાઇ લાલજીભાઇ પટેલ (૧૧) મહેશભાઇ ઠાકરશીભાઇ પટેલ, (૧૨) અરવિંદભાઇ પરશોત્તમભાઇ સાવલીયા, (૧૩) રાજેશભાઇ શાંતીલાલ પટેલ (૧૪) હિમ્મતભાઇ હીરાભાઇ પટેલનાઓની સંયુકત માલીકી કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે.

ત્યારબાદ સદર જમીન માલીકો પાસેથી સદરહુ જમીન શિવમ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢીએ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણથી રાખેલી, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. ઉધના સબ રજી. સાહેબની કચેરીમા ૧ નંબર ની બુકમા અનુક્રમ નંબર ૮૫૦૮, તા. ૦૯/૦૫/૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૩૩૦૯, તા. ૧૦/૦૫/૨૦૨૨ થી નોંધાયેલ તથા તા. ૨૦/૦૬/૨૦૨૨ના રોજ પ્રમાણીત પણ થયેલી છે. આમ, સદરહુ મિલકતના માલિક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર શિવમ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢીના થયેલા છે અને ચાલ્યા આવેલા છે.

સદરહુ જમીન અંગે મે. સુરત શહેરી વિકાસ અધિકારી શ્રી સુરત મહાનગર પાલિકા તરફથી રજા ચિઠ્ઠી નં. T.D.O./DP/NO.:154, તા. ૧૩/૧૦/૨૦૨૨ થી વિકાસ પરવાનગી આપવામા આવેલ છે.

આમ, સુરત ડીસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ઉધનાના, મોજે ગામ: ડીડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨/બ, જેનો ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં આવેલ ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧ જેનુ ક્ષેત્રફળ ૧૭૩૫.૦૮ ચો.મી. વાળી બહુહેતુક હેતુ માટેની બીનખેતીની જમીન મિલકતનાં માલીક શિવમ કોર્પોરેશન -એક ભાગીદારી પેઢી છે.

તપાસેલ દસ્તાવેજોની વિગત ::-

૧. સદરહું જમીનના ૭/૧૨ તથા ૮-અ નાં ઉતારા.

૨. સદરહું જમીનનાં ગામ નમુનાં નંબર -૬ (હક્કપત્રક) ની નોંધ.

૩. સદર જમીન અંગેના બિનખેતીના હુકમની નકલ,

૪. સબ-રજીસ્ટ્રારશ્રી ની કચેરીમાં લીધેલ શોધ.

૫. સુરત મહાનગરપાલીકામાંથી મેળવેલ રજાચીઠ્ઠીની નકલ.

## -: : અભીપ્રાય : :-

ઉપરોકત તમામ હકીકતો ની ચકાસણી કરતાં સુરત ડીસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ઉધનાના, મોજે ગામ: ડીડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨/બ, જેનો ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં આવેલ ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧ જેનુ ક્ષેત્રફળ ૧૭૩૫.૦૮ ચો.મી. વાળી બહુહેતુક હેતુ માટેની બીનખેતીની જમીનના ટાઇટલ તદ્દન ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ છે તેવો મારો અભીપ્રાય છે.

તારીખ : ૧૦/૧૦/૨૦૨૨

સ્થળ : સુરત.

Your Faithfully

Girish B. Movaliya

(Advocate)

(M.No. G1627/2007)

## Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : ડીંડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨

Search in : DINDOLI/DINDOLI

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૧૮૦૦૦૭૪૩૧૭ | અરજી નંબર | ૪૯૨૬૬ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૧૭ | માહે | ઓક્ટોમ્બર | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ GIRISH BHANUBHAI MOVALIYA

ટ્રાન્જેક્સન નંબર 20221014232109724

નીચે પ્રમાણે ફી પહોંચી — રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી.............................................

નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો...................................

શેરોની નકલ કરવા માટે ફી.............................................

ટપાલ ખર્ચ.............................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..........................

શોધ અગર તપાસણી.....................વર્ષ : 1993 થી 2012

દંડ કલમ-૨૫.............................................

કલમ-૩૪ (કલમ-૫૭ )...................................

નકલ ફી ફોલીયો.............................................

ઈન્ડેક્ષ-૨ ફી .............................................

અન્ય ફી .............................................

THE SEAL OF THE SUB REGISTRAR SURAT CITY-1 (ATHWA)
સબ રજીસ્ટ્રાર સુરત સીટી-૧ (અઠવા) નો સિક્કો
૨૦૫.૦૦

| કુલ એકંદરે રૂ. | ૨૦૫.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો પાંચ પુરા

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત City

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સર્વે નં. 180, બ્લોક નં. 112/બ, ટી.પી.સ્કીમ નં. 62(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ), ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧

Search in : ડીંડોલી /Dindoli

પહોંચ નંબર ૨૦૨૨૩૨૨૦૦૦૦૨૩૯૪ અરજી નંબર ૮૧૭ અરજી વર્ષ ૨૦૨૨

તારીખ ૧૮ માહે ઓક્ટ્મ્બર સને ૨૦૨૨

રજુ કરનારનું નામ GIRISH BHANUBHAI MOVALIYA

ટ્રાન્ઝેક્સન નંબર 20221018422654283

નીચે પ્રમાણે ફી પહોંચી — રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી..........

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો..........

શેરોની નકલ કરવા માટે ફી..........

ટપાલ ખર્ચ..........

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..........

શોધ અગર તપાસણી..........વર્ષ : 2012 થી 2017 — ૧૭૦.૦૦

દંડ કલમ-૨૫..........

કલમ-૩૪ (કલમ-૫૭ )..........

નકલ ફી ફોલીયો..........

ઈન્ડેક્ષ-૨ ફી ..........

અન્ય ફી ..........

| કુલ એકંદરે રૂ. | ૧૭૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો સીત્તેર પુરા

(Seal: SEAL OF THE SUB REGISTRAR SURAT-8 (RANDER) / સબ રજીસ્ટ્રાર, સુરત-૮ (રાંદેર))

AKASH AMRUTBHAI DESAI
સબ રજીસ્ટ્રાર
સુરત - ૮ રાંદેર

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

**Search in : GIRISH BHANUBHAI MOVALIYA** અરજી નંબર : 817 ગામ નું નામ : **Dindoli**

**Search Year : 2012 - 2017** મિલ્કતનું વર્ણન : રે.સર્વે નં. 180, બ્લોક નં. 112/બ, ટી.પી.સ્કીમ નં. 62(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ), ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Surat-8(Rander)** મા -6 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **18/10/2022** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકાર નું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE -------------------------- | | | | | | | | |
| | | | | | | | | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર 20221018422654283 Date **18/10/2022** થી મળેલ છે.

સબ-રજીસ્ટ્રાર

**Sub-Registrar Office(SRO) Surat-8(Rander)**

પ્રિન્ટ તારીખ : 18/10/2022 13:08:37

## Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : ડીંડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨/બ, ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં આવેલ ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧ જેનુ ક્ષેત્રફળ ૧૭૩૫.૦૮ ચો.મી.

Search in : Dindoli/Dindoli

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | 202201900045835 | અરજી નંબર | 26292 | અરજી વર્ષ | 2022 |
| તારીખ | 17 | માહે | ઓક્ટમ્બર | સને | 2022 |

રજુ કરનારનું નામ GIRISH BHANUBHAI MOVALIYA

ટ્રાન્જેક્સન નંબર 20221014854156591

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી..... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો..... | |
| શેરોની નકલ કરવા માટે ફી..... | |
| ટપાલ ખર્ચ..... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..... | |
| શોધ અગર તપાસણી.....વર્ષ : 2017 થી 2022 | 170.00 |
| દંડ કલમ-૨૫..... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )..... | |
| નકલ ફી ફોલીયો..... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ..... | |
| અન્ય ફી ..... | |

THE SEAL OF THE SUB REGISTRAR ... SURAT-2 (UDHNA)

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | **170.00** |

અંકે રૂપીયા એક સો સીત્તેર પુરા

G J Sonagra
સબ રજીસ્ટ્રાર
SURAT

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : GIRISH BHANUBHAI MOVALIYA** અરજી નંબર : 26292 ગામ નું નામ : **Dindoli**

**Search Year : 2017 - 2022** મિલ્કતનું વર્ણન : ડીંડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨/બ, ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં આવેલ ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧ જેનુ ક્ષેત્રફળ ૧૭૩૫.૦૮ ચો.મી.

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-2 Udhana** મા -6 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **17/10/2022** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરબદલ/વેચાણ<br><br>રૂ.17784570.00 | રે.સ.નં. 180, બ્લોક નં. 212/બ, જેનો ટી.પી.નં. 62(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ), ફા.પ્લોટ નં. 16 પૈકી સબ-પ્લોટ નં. 1 વાળી 1735.08 ચો.મી. વાળી બીનખેતીની જમીન. | | | ગોપાળભાઈ હરીભાઈ પટેલ<br>ચંપકભાઈ રણછોડભાઈ પટેલ<br>રજનીકાંત ચંપકભાઇ પટેલ<br>પીન્ટુકુમાર ચંપકભાઇ પટેલ<br>હેમંતભાઇ નટવરભાઇ પટેલ<br>સંજયભાઇ નટવરભાઇ પટેલ<br>ભાવિન હેમંતકુમાર પટેલ<br>કેતનસિંહ ફતેહસિંહ ગોહિલ<br>કીર્તીકુમાર મનસુખભાઇ પટેલ<br>રણછોડભાઇ લાલજીભાઇ પટેલ<br>મહેશભાઇ ઠાકરશીભાઇ પટેલ<br>અરવિંદભાઇ પરસોત્તમભાઇ સાવલીયા<br>રાજેશભાઈ શાંતિલાલ પટેલ<br>હિમ્મતભાઈ હીરાભાઈ પટેલ | શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર<br>2. જીનલકુમાર રાજેશભાઈ પટેલ<br>શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર<br>1. સંજય નારણભાઈ પટેલ<br>શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર<br>3. કૃણાલ પ્રાગજીભાઈ પટેલ<br>શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર<br>4. દિનેશભાઈ નાગજીભાઈ પટેલ<br>શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર<br>5. મુકેશભાઈ નાગજીભાઈ પટેલ<br>શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર | 09-05-2022<br><br>09-05-2022 | 8508 | |

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય)

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : GIRISH BHANUBHAI MOVALIYA** અરજી નંબર : 26292 ગામ નું નામ : **Dindoli**

**Search Year : 2017 - 2022** મિલ્કતનું વર્ણન : ડીંડોલીના રે.સર્વે નં. ૧૮૦, બ્લોક નં. ૨૧૨/બ, ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં આવેલ ફા.પ્લોટ નં. ૧૬ પૈકી સબ પ્લોટ નંબર ૧ જેનુ ક્ષેત્રફળ ૧૭૩૫.૦૮ ચો.મી.

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-2 Udhana** મા -6 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 17/10/2022 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ દાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | 6. મનીષકુમાર ગોવિંદભાઈ ગોટી<br>શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર<br>7. મમતાબેન અરવિંદભાઈ સોનાણી<br>શિવમ કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના ભાગીદાર<br>8. મિતેષભાઈ મુળજીભાઈ ફાળકીયા | | | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર 20221014854156591 Date **14/10/2022** થી મળેલ છે.

સબ-રજીસ્ટ્રાર

**Sub-Registrar Office(SRO) SURAT-2 Udhana**

પ્રિન્ટ તારીખ : 17/10/2022 10:46:25